જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૫૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૫	૦	૧૧૫૦૫	૧૭૬૨૪	૦	૧૭૬૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૫	૦	૮૫	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૦૫૯૧	૨૮૧	૫૦૮૭૨	૫૧૨૭૫	૨૭૪	૫૧૫૪૯
કુલ		૬૬૮૮૯	૨૮૧	૬૭૧૭૦	૭૫૪૪૩	૨૭૪	૭૫૭૧૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫	૧,૪૫,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૯૦	૧૮,૯૦,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ખોખરા પોલીસ સ્ટેશન

ખોખરા પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૧૦૮૯૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે વાહન ચોરીમા ગયેલ મુદ્દામાલ સાથે એક ઇસમને ગણતરીના કલાકોમા શોધી કાઢતો ખોખરા સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા વાહન ચોરીના ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ખોખરા પો.સ્ટે.પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી,આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ. તેજપાલસિંહ પુરણસિંહ બ.નં.૭૭૨૮ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા પો.કો.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૮૪૧૩ તથા લો.૨.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોસ્ટે વિસ્તારમા ખોખરા પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૧૦૮૯૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોર-મુદ્દામાલની તપાસમા હતા દરમ્યાન સાથેના પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા પો.કો.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ તથા લો.૨.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકિકત આધારે ચોર ઇસમ હરીશભાઇ કાંતીભાઇ પરમાર ઉ.વ.૪૫ રહે.હાટકેશ્વર એ.એમ.ટી.એમ બસ ડેપોની સામે નાડીયાવાસની બાજુમા રબારીવાસ નેહરૂનગરના છાપરા અમરાઇવાડી અમદાવાદ શહેરનાઓને ચોરીમા ગયેલ વાહન હિરો હોન્ડા પ્લેઝર સ્કુટર નંબર જીજે-૨૭-એમ-૪૩૪૭ સાથે પકડી પાડી " ખોખરા પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૧૦૮૯૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો વણ શોધાયેલ ગુનો ગણતરીના કલાકોમા શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૧૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ બિયર ટીન કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૫૯/૨૦૨૧**

નિકોલઃ લોમેશ્વરભાઇ કેશવરામ ગોકળે (રહે.પરષોત્તમનગર વિભાગ-૨ વિરાટનગર નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૩૦/૦૫/૨૧ સવારના ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પીપરોતર ચલાવે છે.

કાગડાપીઠઃ જોનસન ઇમાનુએલ ક્રિશ્ચિયન (રહે. જુના મ્યુનિસિપલ ક્વાટર્સ જગન્નાથજી રોડ બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૩૦/૦૫/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકના ધાબા પર સુતા હતા ત્યારે પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી મોબાઈલ ફોન નંગ-૫ અને પર્સમાંથી રોકડ રૂપિયા ૯૫૦૦/- તેમજ પાડોશી સાહેદના મકાનમાંથી એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૬૦/૨૦૨૧**

ચાંદખેડાઃ રમેશચંદ્ર શોભનાથ પાંડે (ઉ.વ.૬૩) (રહે. સંસ્કુત બંગલોઝ તનિષ્ક શો રૂમ નજીક વિસત ગાંધીનગર હાઈવે ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૧ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે એક રિક્ષામાં આવેલ ત્રણ પુરૂષો સરનામુ પુછવાના બહાને રમેચંદ્ર પાંડે નજીક આવી સોસાયટી પાછળ જવાનો રસ્તો પુછી ચપ્પુ બાતાવી રમેશચંદ્ર પાંડેને હાથમાં પહેરેલ સોનાની લકી કિમત રૂપિયા ૩૬,૦૦૦/- , ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૪,૦૦૦/- અને ખિસામાંથી ટુ વ્હીલરની ચાવી તેમજ રોકડ રૂપિયા ૭૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- કાઢી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૯૬૧/૨૦૨૧**

પાલડીઃ ભામીનીબહેન કલ્પેશભાઇ પાઢ (ઉ.વ.૪૫) (રહે.નવીપોળ ફતાસા પોળ જૈન દેરાસર પાસે ખાડીયા) તા.૧૩/૦૫/૨૦૨૧ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે પાલડી એમ્સ હોસ્પિટલ સામે જેઠાભાઇ પાર્ક નજીક્થી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભામીનીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભામીનીબહેન પાઢ એ તા.૩૦/૦૫/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૬૨/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ દયાલપ્રકાશ વસંતભાઇ ગુપ્તા (ઉ.વ.૩૯) (રહે. ડી/૧૦૩, સ્કાય લાઇન રેસીડન્સી હનુમાન ટેકરી રાજ રેસીડન્સીની બાજુમા પાલનપુર જી.બનાસકાંઠા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દયાલપ્રકાશ પોતાના પિતાની સારવાર કરાવવા આવ્યા હતા અને રોયલ ગેસ્ટ હાઉસમાં રોકાયેલ હતા. જ્યાં પોતાની ગાડીમાં પેટ્રોલ ખાલી થઈ જતા તા.૨૯/૦૫/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે પેટ્રોલ લેવા કારગીલ પેટ્રોલ પંપ જવા માટે એક ઓટોરીક્ષામાં બેસી પેટ્રોલપંપ ગયા હતા દરમ્યાન પોતાની બેગ રિક્ષામાં મુકી પેટ્રોલ લેવા ગયા હતા, જે ઓટોરિક્ષામાં મુકેલ પોતાની બેગમાં રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- તેમજ પિતાની દવાખાનાની ફાઇલ અને મોબાઈલ ચાર્જર હતુ. જે બેગ ઓટોરિક્ષા ચાલક ઓટોરિક્ષા લઈ જતો રહ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૬૩/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ વિધ્યારામ ગીતમસિંગ યાદવ (રહે.રાજીવનગરના છાપરાં રામોલ ટોલનાકા પાસે રામોલ ગામ) એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વિધ્યારામ અને તેમના ઓળખીતા યોગેન્દ્ર પ્રમોદકુમાર લોધી (ઉ.વ.૨૬) (રહે.ચામુંડાનગર બુટભવાની મંદિર પાસે વેજલપુર) શાસ્ત્રીબ્રીજ થી નારોલ તરફ જતા સુએઝ ફાર્મ તરફ જવાના રોડ પર મોટર સાયકલ લઈને ઉભા હતા ત્યારે આઈસર ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી યોગેન્દ્રને ટક્કર મારતા યોગેન્દ્રને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧) સોમાભાઈ પાંડુરંગ ઢીવરે (ઉ.વ.૬૮) (રહે.પરીમલ પાર્ક બોમ્બે કંડકટર વટવા જીઆઈડીસી) તા.૩૦/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઈસનપુર ઘોડાસર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૨૭ સીઆર ૨૦૨૭ ના ચાકલ ચિરાગ વાલજીભાઈ સોલંકી (રહે. ભૈરવનાથ હેલ્થ ક્વાટર્સ મીરા સિનેમા ચાર રસ્તા) એ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સોમાભાઈ ઢીવરેના એક્ટીવાને ટક્કર મારતા સોમાભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ન્યુરોકેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સોમાભાઈ ઢીવરેના પુત્ર ગણેશભાઈ ઢીવરેએ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૨) રાહુલભાઈ સુરેશભાઈ પાંડે (ઉ.વ.૩૦) (રહે.ગાયત્રીનગર ગોપીનગર સામે બચુભાઈના કુવા પાસે વટવા) તા.૨૬/૦૫/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે વટવા બીબી તળાવ ચાર રસ્તા થી ગુજરાત ઓફસેટ ચાર રસ્તા તરફ સાગર હોટલ સામેથી શાકભાજીની લારી લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે અબ્દુલસલીમ અબ્દુલરહેમાન સીદ્દીકી (રહે.ઈલાહીબાગ સોસાયટી બીબી તળાવ ચાર રસ્તા વટવા) એ પોતાનુ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રાહુલભાઈ પાંડેને ટક્કર મારતા રાહુલભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૫/૨૦૨૧ ૦૦/૪૦ વાગે રાહુલભાઈ પાંડેનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ "જે" ટ્રાફીક પોલીસે નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૬૪/૨૦૨૧**

વાડજ: પરષોત્તમભાઇ ખેંગારભાઇ વાઘેલા (ઉ.વ.૫૬) (રહે.શ્રમિકનગર રૂબી ફ્લેટ સામે જુના વાડજ) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૩૦/૦૫/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

નિકોલ: દિપીકાબહેન ડો/ઓ અરવિંદભાઈ ચુનારા (ઉ.વ.૨૦) (રહે.પારંતી આવાસ યોજના કઠવાડા ગામ,તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

ઇસનપુર: (૧) નિકુલભાઇ ભલાભાઇ પરમાર (ઉ.વ.૩૦)(રહે.સંત સવૈયાનાથ સોસાયટી જાગેશ્વરીની સામે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી ૩/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

ઇસનપુર: (૨) હરેશભાઇ છગનભાઇ ખુમાણ (ઉ.વ.૩૨) (રહે. બબા પટેલની ચાલી યુગ પાન પાર્લરની ગલીમા હિરાભાઇ ટાવર પાસે ઇસનપુર) એ બેકારીથી કંટાળી તા.૩૦/૦૫/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી સાજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પતરાના છતના લોખંડના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી